# Gujrat Police Constable

## Previous Year Paper

### (Lokrakshak) 6 Jan 2019

1) ગુજરાતનો દરિયા કિનારો કેટલો લાંબો છે ?

(A) 1400 કિ.મી.
(B) 1500 કિ.મી.
(C) 1600 કિ.મી.
(D) 1700 કિ.મી.

2) ગુજરાતના સમય (ટાઈમ ઝોન) અને આંતરરાષ્ટ્રીય પ્રમાણિત સમય (IST) વચ્ચે કેટલો તફાવત છે ?

(A) ગુજરાતનો સમય IST થી 5 કલાક અને 30 મિનિટ આગળ છે.
(B) ગુજરાતનો સમય IST થી 5 કલાક અને 30 મિનિટ પાછળ છે.
(C) ગુજરાતનો સમય IST થી 4 કલાક અને 30 મિનિટ આગળ છે.
(D) ગુજરાતનો સમય IST થી 4 કલાક અને 30 મિનિટ પાછળ છે.

3) ઔરંગઝેબનું જન્મ સ્થળ કયું છે ?

(A) દિલ્હી
(B) આગ્રા
(C) દોલતાબાદ
(D) દાહોદ

4) 1979 માં કયો ડેમ તૂટવાથી ગુજરાતમાં મોટી દુર્ઘટના સર્જાઈ હતી ?

(A) ભાદર ડેમ
(B) મચ્છુ ડેમ
(C) દાંતીવાડા ડેમ
(D) કડાણા ડેમ

5) કાકરાપારમાં શું છે ?

(A) એટોમિક પાવર સ્ટેશન
(B) હાઈડ્રો પાવર સ્ટેશન
(C) થર્મલ પાવર સ્ટેશન
(D) વિન્ડ પાવર સ્ટેશન

6) AMUL નું આખું નામ શું છે ?

(A) આણંદ મિલ્ક યુનિયન લીમીટેડ
(B) આણંદ મિલ્ક યુનાઈટેડ લીમીટેડ
(C) ઓલ મિલ્ક યુનિયન લીમીટેડ
(D) ઓલ મિલ્ક યુનાઈટેડ લીમીટેડ

7) 'સરસ્વતી ચંદ્ર' નવલકથા કોણે લખેલી છે ?

(A) આનંદશંકર ધ્રુવ
(B) ગુણવંત શાહ
(C) વિનોદ ભટ્ટ
(D) ગોવર્ધનરામ ત્રિપાઠી

8) બાર જ્યોર્તિલીંગ પૈકી ગુજરાતમાં આવેલું જ્યોર્તિલીંગ નીચે પૈકી ક્યાં છે ?

(A) પાવાગઢ
(B) પાલીતાણા
(C) સોમનાથ
(D) વિજયનગર

9) ભારતનાં નોર્થ-ઈસ્ટ રાજ્યો એટલે કે 'સેવન સિસ્ટર્સ'માં કોનો સમાવેશ થતો નથી ?

(1) મિઝોરમ
(2) અરૂણાચલ પ્રદેશ
(3) સિક્કીમ
(4) ત્રિપુરા

(A) 1, 2, 4
(B) 1, 4
(C) 4
(D) 3

10) મેરીકોમ માટે કયું વિધાન સાચું છે ?

(1) તે મણીપુરની છે.
(2) તેણે 2014 એશિયન ગેમ્સમાં પ્રથમ ગોલ્ડ મેડલ જીત્યો હતો.
(3) તેણે 2018 માં છ વર્લ્ડ ચેમ્પિયનશીપ જીતવાનો રેકોર્ડ કર્યો છે.
(4) તેના પતિ ફૂટબોલના ખેલાડી બેચુંગ ભુતિયા છે.

(A) 1, 2, 3, 4
(B) 1, 2, 3
(C) 1, 2
(D) 2, 3


11) લાલ અને લીલા રંગને સાથે ભેળવતા કયો રંગ બને છે ?

(A) વાદળી
(B) કથ્થઈ
(C) નારંગી
(D) પીળો

12) નીચેનામાંથી કયું $\frac{5}{5}$ ના સમાન મૂલ્યવાળું છે ?

(A) 1
(B) 5
(C) 10
(D) $\frac{10}{5}$

13)



ઉપરની ચારેય આકૃતિ પાંચ એક સરખા ચોરસથી બનાવેલી છે. જો કીડીને ઉપરની આકૃતિ ઉપરથી એક ચક્કર મારીને ફરીથી તેની શરૂ કરેલ જગ્યાએ આવવાનું હોય તો, કઈ આકૃતિમાં તેને સૌથી લાંબું અંતર કાપવું પડશે ?

(A) 1
(B) 2
(C) 3
(D) 4

14) ઘડિયાળમાં પાંચ વાગ્યા છે. તેના મિનિટ કાંટા અને કલાક કાંટા વચ્ચે કેટલા અંશનો ખૂણો બનશે ?

(A) 120 (B) 150

(C) 180 (D) 230

15) Kareena, Katrina, Kangana અને Kusum ને અંગ્રેજીના આલ્ફાબેટિકલ (A-B-C-D) ક્રમમાં ગોઠવતાં કોનું નામ ત્રીજા ક્રમે આવશે ?

(A) Kareena (B) Katrina

(C) Kangana (D) Kusum

16) મૂળભૂત અધિકારના રક્ષણ માટે રીટનો ઉપયોગ કરવામાં આવે છે. નીચેનામાંથી કઈ રીટ નથી ?

(1) બંદી પ્રત્યક્ષીકરણ (2) પરમાદેશ

(3) પ્રતિબંધ (4) અધિકાર પૃછા

(A) 2, 3, 4 (B) 1, 2, 3, 4

(C) 4 (D) ઉપરોક્ત તમામ રીટ છે.

17) પોલીસે ધરપકડ કરેલ વ્યક્તિને કેટલા કલાકમાં મેજીસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવા પડે ?

(A) 12 કલાક (B) 24 કલાક

(C) 48 કલાક (D) 36 કલાક

18) સુપ્રિમ કોર્ટનું કયું ઐતિહાસિક જજમેન્ટ કામકાજના સ્થળે કામ કરતી મહિલાઓની જાતિય સતામણી અટકાવવા માટેની માર્ગદર્શિકા આપે છે ?

(A) વિશાખા જજમેન્ટ (B) શાહબાનો જજમેન્ટ

(C) રેહાના જજમેન્ટ (D) સુહાના જજમેન્ટ

19) કયો વેદ સૌથી જૂનો મનાય છે ?

(A) ઋગ્વેદ (B) સામવેદ

(C) યજુર્વેદ (D) અથર્વવેદ

20) અણુશક્તિનો સ્ત્રોત નીચેનામાંથી કયો છે ?

(A) આયરન (B) યુરેનિયમ

(C) સિલ્વર (D) પ્લેટીનીઅમ

21) જો લોલક (Pendulum) ને ચંદ્ર ઉપર લઈ જવામાં આવે તો તેના એક ડોલન (ઓસિલેશન) નો સમય

(A) વધે
(B) ઘટે
(C) સરખો રહે
(D) ક્યારેક વધે ક્યારેક ઘટે

22) પોલીયો શેનાથી થાય છે ?

(A) વાયરસ
(B) બેક્ટેરિયા
(C) ફૂગ
(D) મચ્છર

23) અજંતા-ઈલોરાની પ્રખ્યાત ગુફાઓ ક્યાં આવેલી છે ?

(A) મહારાષ્ટ્ર
(B) કર્ણાટક
(C) તેલંગાના
(D) આંધ્ર પ્રદેશ

24) શિવાજીએ કોને વાઘના નખથી માર્યો હતો ?

(A) શાઈસ્ત ખાન
(B) ચંગીઝ ખાન
(C) ઔરંગઝેબ
(D) અફઝલ ખાન

25) વાસ્કો-દ-ગામા ભારતમાં દરિયાઈ માર્ગે આવનાર પ્રથમ યુરોપીયન હતો. તેના માટે કયું વિધાન સાચું નથી ?

(A) તે ડચ હતો.
(B) તે 1498 માં ભારતના કાલીકટ ખાતે આવ્યો હતો.
(C) તેણે ભારતની બે વખત મુલાકાત લીધી હતી.
(D) એક ગુજરાતીએ તેને મોમ્બાસાથી ભારતનો રસ્તો બતાવ્યો હતો.

26) નીચેનામાંથી કઈ લડાઈથી ભારતમાં બ્રિટીશ શાસનનો પાયો નંખાયો ?

(A) અવધની લડાઈ
(B) ઝાંસીની લડાઈ
(C) મૈસોરની લડાઈ
(D) પ્લાસીની લડાઈ

27) 'જય હિન્દ' અને 'ચલો દિલ્લી' નો નારો કોણે આપ્યો ?

(A) લાલા લજપતરાય
(B) લોકમાન્ય તિલક
(C) વીર સાવરકર
(D) સુભાષચંદ્ર બોઝ

28) આઝાદી પછી પ્રથમ વખત ભારતમાં સામાન્ય ચૂંટણીઓ ક્યા વર્ષે યોજાઈ ?
(A) 1950
(B) 1951
(C) 1952
(D) 1953

29) 'ભૂદાન' ચળવળના પ્રણેતા કોણ હતા ?
(A) રામકૃષ્ણ પરમહંસ
(B) વિવેકાનંદ
(C) વિનોબા ભાવે
(D) શ્રી રમણ મહર્ષિ

30) ATIRA નું આખું નામ શું છે ?
(A) All Textile Industry's Research Association
(B) Ahmedabad Textile Industry's Research Association
(C) All Textile Industry's Research Alliance
(D) Ahmedabad Textile Industry's Research Alliance

31) કેદારનાથ ક્યાં આવેલું છે ?
(A) ઉત્તર પ્રદેશ
(B) ઉત્તરાખંડ
(C) હિમાચલ પ્રદેશ
(D) નેપાળ

32) કઈ ધાતુ પ્રવાહી સ્વરૂપે હોય છે ?
(A) લીડ
(B) મરક્યુરી
(C) સોડિયમ
(D) મેગ્નેશિયમ

33) ડાયાબીટીસનું નીચેનામાંથી શું કારણ છે ?
(A) શરીરમાં ઈન્સ્યુલીનનું ઓછું પ્રમાણ
(B) શરીરમાં ઈન્સ્યુલીનનું વધુ પ્રમાણ
(C) ઉપરના બંને
(D) ઉપરમાંથી કોઈ નહીં

34) 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'ની પ્રતિમા કેટલી ઊંચી છે ?
(A) 162 મીટર
(B) 172 મીટર
(C) 182 મીટર
(D) 192 મીટર

35) તાજેતરમાં ઈન્ડોનેશિયામાં યોજાયેલ 'એશિયન ગેમ્સ'માં ગુજરાતની સરિતા ગાયકવાડે કઈ દોડમાં ગોલ્ડ મેડલ જીતેલો ?
(A) 100 મીટર
(B) 200 મીટર
(C) 4 × 400 મીટર રીલે
(D) 4 × 100 મીટર રીલે

36) રાત્રે આકાશમાં અંધારું થવાનું કારણ શું છે ?
(A) પૃથ્વીનું પોતાની ધરી ઉપર પરિભ્રમણ
(B) ચંદ્રનું પોતાની ધરી ઉપર પરિભ્રમણ
(C) સૂર્યનું પોતાની ધરી ઉપર પરિભ્રમણ
(D) પૃથ્વીનું સૂર્યની ચારે બાજુનું ભ્રમણ

37) સૂર્યના નજીકથી દૂરના ક્રમમાં નીચેનામાંથી ગ્રહો માટે કયો ક્રમ સાચો છે ?
(A) બુધ, શુક્ર, પૃથ્વી, મંગળ, ગુરૂ, શનિ, યુરેનસ, નેપચ્યુન
(B) બુધ, શુક્ર, પૃથ્વી,ગુરૂ, મંગળ, શનિ, યુરેનસ, નેપચ્યુન
(C) બુધ, મંગળ, પૃથ્વી, શુક્ર, ગુરૂ, શનિ, યુરેનસ, નેપચ્યુન
(D) બુધ, મંગળ, પૃથ્વી, ગુરૂ, શનિ, શુક્ર, યુરેનસ, નેપચ્યુન

38) જેસોર અભ્યારણ કયા જિલ્લામાં આવેલું છે ?
(A) સાબરકાંઠા
(B) બનાસકાંઠા
(C) કચ્છ
(D) પાટણ

39) નીચેનામાંથી કઈ જોડ સાચી નથી ?
(A) પંચમહાલ - જાંબુઘોડા અભ્યારણ
(B) ડાંગ - પૂર્ણા અભ્યારણ
(C) મહેસાણા - થોળ અભ્યારણ
(D) મહીસાગર - રતન મહાલ અભ્યારણ

40) સિકલ સેલ એનીમિયા રોગનું કારણ શું છે ?
(A) આનુવંશિકતા
(B) વાયરસ
(C) બેક્ટેરિયા
(D) ફૂગ

41) મહી નદી ઉપર કયા બંધ છે ?
(A) વણાકબોરી
(B) કડાણા
(C) ઉપરના બંને
(D) ઉપરમાંથી કોઈ નહીં .

42) ગુજરાતનાં ઘણાં શહેરો નદી કિનારે વસેલા છે. નીચેમાંથી કઈ જોડ સાચી નથી ?
(A) હાથમતી - હિંમતનગર
(B) મચ્છુ - મોરબી
(C) પૂર્ણા - નવસારી
(D) ઔરંગા - મહેમદાવાદ

43) રાજ્યો - રાજધાની પૈકી નીચેનામાંથી કઈ જોડ સાચી નથી ?
(A) આંધ્ર પ્રદેશ - અમરાવતી
(B) અરૂણાચલ પ્રદેશ - દિસપુર
(C) છત્તીસગઢ - રાયપુર
(D) મેઘાલય - શિલોંગ


(P.T.O.)

44)


| | | |
|---|---|---|
| 24 | 29 | 22 |
| | | |
| 28 | 21 | 26 |


ઉપરના ચોરસમાં 21 થી 29 અંક છે દરેક ઊભી અને આડી બાજુનો સરવાળો 75 થાય છે. તો વચ્ચેની લાઈનમાં કયા અંક હશે ?


(A) 25, 27, 23
(B) 25, 23, 27
(C) 27, 25, 23
(D) 23, 25, 27


45) 

ઉપરની આકૃતિ એક ખોલેલા પાસા (DICE) ની છે. ઉપરના પાસાની આકૃતિ મુજબ નીચેનામાંથી કયો વિકલ્પ સાચો નથી ?

(A) 

(B) 

(C) 

(D) 

46) GDP એટલે ?

(A) General Development Product
(B) Global Development Point
(C) Gross Domestic Product
(D) Gross Development Point

47) BCCI એટલે ?

(A) Board for Control of Cricket in India
(B) Board of Control for Cricket in India
(C) Board of Control of Cricket in India
(D) Board of Control for Cricket of India

48) આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પીચની લંબાઈ કેટલી હોય છે ?

(A) 18 યાર્ડ (B) 20 યાર્ડ

(C) 22 યાર્ડ (D) 24 યાર્ડ

49) 1983 ના ક્રિકેટ વર્લ્ડ કપમાં ભારતે ફાઈનલમાં કઈ ટીમને હરાવી ?

(A) ઑસ્ટ્રેલિયા (B) વેસ્ટ ઈન્ડિઝ

(C) ઈંગ્લેન્ડ (D) પાકિસ્તાન

50) ત્રણ માણસો ઘરમાં ઘુસીને ઘરના લોકોને ધમકી આપીને ઝવેરાત લઈ જાય છે. તો તેમણે IPC મુજબ કયો ગુનો કર્યો કહેવાય ?

(A) ધાડ (B) લૂંટ

(C) બળજબરીથી કઢાવવું (D) ધાડ અને લૂંટ બંને

51) મોહને બેદરકારીથી વાહન ચલાવીને રોડ અકસ્માત કર્યો. IPCની કઈ કલમ મુજબ એણે ગુનો કર્યો કહેવાય ?

(A) IPC 179 (B) IPC 279

(C) IPC 379 (D) IPC 479

52) ભારતના રાષ્ટ્રીય ધ્વજની લંબાઈ પહોળાઈનું પ્રમાણ શું હોય છે ?

(A) 2 : 3 (B) 3 : 4

(C) 4 : 5 (D) 3 : 5

53) ભારતના ઉપરાષ્ટ્રપતિ કોની સમક્ષ શપથ લે છે ?

(A) પ્રધાનમંત્રી (B) સુપ્રિમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ

(C) રાજ્ય સભાના અધ્યક્ષ (D) રાષ્ટ્રપતિ

54) કટોકટી દરમ્યાન કયો બંધારણીય સુધારો થયો ?

(A) 32મો સુધારો (B) 39મો સુધારો

(C) 42મો સુધારો (D) 48મો સુધારો

55) કયા બંધારણીય સુધારાથી મતદાન કરવાની ઉંમર 21 થી 18 થઈ ?

(A) 56મો સુધારો (B) 65મો સુધારો

(C) 73મો સુધારો (D) 61મો સુધારો

56) HTML એટલે ?

(A) High Text Mark Language
(B) High Text Machine Language
(C) Hyper Text Machine Language
(D) Hyper Text Markup Language

57) શ્રેણી પુરી કરો.

11, 16, 23, 32, 43, ?

(A) 56
(B) 55
(C) 57
(D) 54

58) શ્રેણી પુરી કરો.

1, 6, 15, 28, 45, ?

(A) 56
(B) 66
(C) 57
(D) 63

59) શ્રેણી પુરી કરો.

2, 10, 30, 68, ?

(A) 130
(B) 140
(C) 142
(D) 138

60) શ્રેણી પુરી કરો.

34, 18, 10, 6, 4, ?

(A) 1
(B) 0
(C) 3
(D) 2

61) શ્રેણી પુરી કરો.

2, 5, 11, 23, 67, ?

(A) 110
(B) 114
(C) 116
(D) 120

પ્રશ્ન ક્રમાંક - ૬૧ ના ૧ (એક) ગુણ તમામને મળવાપાત્ર થશે

62) શ્રેણી પુરી કરો.

3, 8, 18, 38, 78, ?

(A) 150
(B) 154
(C) 158
(D) 162

63) શ્રેણી પુરી કરો.

5, 6, 10, 19, 35, ?

(A) 64 (B) 78

(C) 49 (D) 60

64) શ્રેણી પુરી કરો.

90, 70, 50, 30, 10, ?

(A) – 10 (B) 0

(C) – 20 (D) – 30

65) મોહન એક લાઈનના બંને બાજુથી 18મા નંબરે બેઠેલો છે. તો આ લાઈનમાં કુલ કેટલા વ્યક્તિઓ બેઠેલા હશે ?

(A) 26 (B) 32

(C) 28 (D) 35

66) જો CAT ને XZG અને BOAT ને YLZG લખાય તો EGG ને કેવી રીતે લખાય ?

(A) VSS (B) URR

(C) VTT (D) UTT

67) જો BED ને DGF અને CHAIR ને EJCKT લખાય તો WINDOW ને કેવી રીતે લખાય ?

(A) YKRFUY (B) YKKFQY

(C) YKPGQY (D) YKPFQY

68) જો EXAM ને DWZL અને COPY ને BNOX લખાય તો PAGE ને કેવી રીતે લખાય ?

(A) OZFC (B) OZFD

(C) OZGD (D) OZGA

69) જો SUN ને QSL અને MOON ને KMML લખાય તો EARTH ને કેવી રીતે લખાય ?

(A) CYQS (B) CYPRE

(C) CYQRF (D) CYPRF

70) જો LIMCA ને ACMIL લખાય તો FANTA ને કેવી રીતે લખાય ?

(A) ATNAF (B) ANTFA

(C) ATNNF (D) ATANF

71) જો EARTHQUAKE ને MOGPENJOSM લખાય તો EQUATE ને કેવી રીતે લખાય ?

(A) MENOPM
(B) MENOMP
(C) NJOGPM
(D) MNJOPM

72) જો COUNTRY ને EMWLVPA લખાય તો TURN ને કેવી રીતે લખાય ?

(A) VWLP
(B) VPWL
(C) VWPL
(D) VLPW

73) એક વ્યક્તિ ત્રણ કિલોમીટર ઉત્તર દિશામાં જાય છે. પછી ડાબી બાજુ વળીને બે કિલોમીટર જાય છે. તે ફરી ડાબી બાજુ વળીને ત્રણ કિલોમીટર જાય છે. તે પછી જમણી બાજુ વળીને સીધો ચાલે છે. તો હવે તે કઈ દિશામાં ચાલે છે ?

(A) પૂર્વ
(B) પશ્ચિમ
(C) ઉત્તર
(D) દક્ષિણ

74) એક ગુપ્ત ભાષામાં A ને Z લખાય છે અને B ને Y લખાય છે. તો D કેવી રીતે લખાય ?

(A) X
(B) W
(C) V
(D) U

75) પ્રકાશ પાદુકોણ કઈ રમત સાથે સંકળાયેલા છે ?

(A) બેડમિંટન
(B) ટેબલ ટેનિસ
(C) લોન ટેનિસ
(D) ફૂટબોલ

76) અમદાવાદ અને દિલ્લી વચ્ચે રેલ માર્ગે આશરે કેટલું અંતર છે ?

(A) 500 કિલોમીટર
(B) 1000 કિલોમીટર
(C) 2000 કિલોમીટર
(D) 3000 કિલોમીટર

77) માનવ શરીરનું સામાન્ય તાપમાન કેટલું હોય છે ?

(A) 27 ડિગ્રી સેલ્શિયસ
(B) 37 ડિગ્રી સેલ્શિયસ
(C) 47 ડિગ્રી સેલ્શિયસ
(D) 57 ડિગ્રી સેલ્શિયસ

78) માઈક્રોસોફ્ટ કૉર્પોરેશનનું મુખ્ય મથક ક્યાં આવેલું છે ?

(A) કેલિફોર્નિયા
(B) વૉશિંગ્ટન
(C) ન્યૂયોર્ક
(D) લંડન

79) જ્યારે ભારતને 1947માં આઝાદી મળેલ ત્યારે ઈંગ્લેન્ડના પ્રધાનમંત્રી કોણ હતા ?

(A) ક્લિમેન્ટ એટલી
(B) સ્ટેનલી બોલ્ડવીન
(C) વિન્સ્ટન ચર્ચિલ
(D) એન્થની ઈડન

80) A એ B ની બહેન છે. C એ B ની પત્ની છે. D એ C ની સાસુ છે. તો A ના દિકરા અને D ના પતિ વચ્ચે શું સંબંધ છે ?

(A) પિતા - પુત્ર
(B) સસરા - જમાઈ
(C) કાકા - ભત્રીજા
(D) દાદા - પૌત્ર

81) A અને B ભાઈઓ છે. C એ A નો દિકરો છે. D એ B ના પિતા છે. તો D ના પત્ની સાથે C નો શું સંબંધ છે ?

(A) પૌત્ર
(B) પૌત્રી
(C) ભત્રીજા
(D) જમાઈ

82) A એ B ની પત્ની છે. C એ A નો ભાઈ છે. D એ C ની સાસુ છે. તો D ની પુત્રી સાથે A નો શું સંબંધ છે ?

(A) બહેન
(B) ભાભી
(C) કાકી
(D) નણંદ

83) સાત વ્યક્તિઓ એક લાઈનમાં ઊભા છે. D એ E અને C ની વચ્ચે છે. A અને G લાઈનના બંને છેડા પર છે. D એ લાઈનની વચ્ચે ઊભા છે. B એ A અને C ની વચ્ચે છે. તો B અને D વચ્ચે કોણ છે ?

(A) A
(B) C
(C) F
(D) G

84) સાત વ્યક્તિઓ એક સીધી લાઈનમાં ઊભા છે. R એ P અને V ની વચ્ચે છે. T એ V અને U ની વચ્ચે છે. S અને Q બાજુ બાજુમાં છે. T લાઈનની વચ્ચે છે. તો પછી V અને U ની વચ્ચે કોણ છે ?

(A) R
(B) S
(C) T
(D) Q

85) છ વ્યક્તિઓ એક ગોળ ટેબલની ફરતે બેઠા છે. A અને Z સામસામે બેઠા છે. Y એ C અને Z ની વચ્ચે બેઠા છે. B એ A અને X ની વચ્ચે બેઠા છે. B એ A ની ડાબી બાજુએ બેઠા છે. તો C ની જમણી બાજુ કોણ છે ?

(A) A
(B) X
(C) Z
(D) Y

86) છ વ્યક્તિઓ એક ગોળ ટેબલની ફરતે બેઠા છે. V એ M અને W ની વચ્ચે બેઠા છે. T અને V સામસામે બેઠા છે. R એ T ની જમણી બાજુ બેઠા છે. તો V ની સામે કોણ છે ?

(A) M
(B) R
(C) T
(D) X

87) Cr.P.C. 107 શેના વિશે છે ?

(A) વોરંટની બજવણી બાબત
(B) સેશન્સ કોર્ટના કાર્યક્ષેત્ર બાબત
(C) APP ની નિમણુંક બાબત
(D) સુલેહ જાળવવા બાબત

88) Cr.P.C. ની કઈ કલમ મુજબ F.I.R. દાખલ થાય છે ?

(A) કલમ 145
(B) કલમ 154
(C) કલમ 164
(D) કલમ 146

89) Cr.P.C. ની કઈ કલમ મુજબ પોલીસને વોરંટ વગર ધરપકડ કરવાની સત્તા મળેલી છે ?

(A) કલમ 37
(B) કલમ 41
(C) કલમ 49
(D) કલમ 52

90) Cr.P.C. ની કઈ કલમ મુજબ ખાનગી વ્યક્તિને ધરપકડ કરવાની સત્તા મળેલી છે ?

(A) કલમ 42
(B) કલમ 43
(C) કલમ 44
(D) કલમ 45

91) ભારતીય પુરાવા અધિનિયમનું કયું પ્રકરણ મૌખિક પુરાવા વિશે છે ?

(A) પ્રકરણ - 3
(B) પ્રકરણ - 4
(C) પ્રકરણ - 5
(D) પ્રકરણ - 6

92) ભારતીય પુરાવા અધિનિયમનું કયું પ્રકરણ સાક્ષીઓ વિશે છે ?

(A) પ્રકરણ - 7
(B) પ્રકરણ - 8
(C) પ્રકરણ - 9
(D) પ્રકરણ - 10

93) IPC નું કયું પ્રકરણ ચૂંટણીઓના ગુનાને લગતું છે ?

(A) પ્રકરણ - 7એ
(B) પ્રકરણ - 9એ
(C) પ્રકરણ - 11એ
(D) પ્રકરણ - 13એ

94) IPC ની છેલ્લી કલમ શેના વિશે છે ?

(A) ગુના કરવાની કોશિશ
(B) કાવતરા
(C) રાજ્ય વિરુદ્ધના ગુના
(D) બળાત્કારના ગુના અંગે થયેલા સુધારા

95) IPC નું છેલ્લું પ્રકરણ કયું છે ?

(A) પ્રકરણ - 25
(B) પ્રકરણ - 21
(C) પ્રકરણ - 19
(D) પ્રકરણ - 23

96) IPC બાબતે નીચેનામાંથી કયું વિધાન સાચું નથી ?

(A) પ્રકરણ - 17 મિલકત વિરુદ્ધના ગુનાઓનું છે.
(B) પ્રકરણ - 18 શરીર સંબંધી ગુનાઓનું છે.
(C) પ્રકરણ - 15 ધર્મ સંબંધી ગુનાઓનું છે.
(D) પ્રકરણ - 9 રાજ્ય સેવક સંબંધી ગુનાઓનું છે.

97) બહુ ચર્ચિત નિર્ભયા બનાવ દિલ્લીમાં કયા વર્ષમાં થયો હતો ?

(A) 2010
(B) 2011
(C) 2012
(D) 2013

98) સુરેશ એક મોબાઈલ ફોનની ચોરી કરે છે. તેણે IPC ની કઈ કલમ મુજબ ગુનો કર્યો કહેવાય ?

(A) કલમ 259
(B) કલમ 314
(C) કલમ 379
(D) કલમ 420

99) મોહન શ્યામને જાનથી મારી નાંખવા માટે ચપ્પુ મારે છે પણ શ્યામ બચી જાય છે.મોહને IPC ની કઈ કલમ મુજબ ગુનો કર્યો કહેવાય ?

(A) કલમ 302
(B) કલમ 307
(C) કલમ 314
(D) કલમ 321

100) મીના પોલીસમાં તેના પતિ દ્વારા થતી શારીરિક અને માનસિક સતામણી અંગે ફરિયાદ કરે છે. પોલીસ IPC ની કઈ કલમ મુજબ ગુનો દાખલ કરશે ?

(A) કલમ 298એ
(B) કલમ 398એ
(C) કલમ 498એ
(D) કલમ 506એ

❄❄❄